# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૬/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બરના આંત્રપ્રિન્યોર લોન્જ અંતર્ગત 'બોલીવુડ ફિલ્મ ક્રાઉડ ફન્ડીંગ' સેશનમાં અભિનેતા રાહુલ સિંઘ સાથે સંવાદ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે આંત્રપ્રિન્યોર લોન્જ અંતર્ગત 'બોલીવુડ ફિલ્મ ક્રાઉડ ફન્ડીંગ' વિશે સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં બોલીવુડના એક્ટર, રાઇટર એન્ડ પ્રોડયુસર શ્રી રાહુલ સિંઘ સાથે સંવાદ યોજાયો હતો. અભિનેતા રાહુલ સિંઘે ફિલ્મ મેકીંગમાં ક્રાઉડ ફન્ડીંગ વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે ગાઝી અટેક, ખિલાડી ૭૮૬, તેરે બીન લાદેન, ઝુબીદા, જેલ, ચલો દિલ્લી, દિલ્હી બેલી, વેલડન અબ્બા જેવી ઘણી બોલીવુડ ફિલ્મોમાં અભિનેતા તરીકે કામ કર્યુ છે.

ચેમ્બરની સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીને પ્રમોટ કરવાનું કામ કરે છે. સુરતમાં હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ ડેવલપ થઇ રહી છે ત્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સ્ટાર્ટઅપ અને આંત્રપ્રિન્યોર્સને પણ પ્લેટફોર્મ મળી રહે તે માટે આજના સેશનનું આયોજન કરવામાં આવ્યુ છે.

અભિનેતા શ્રી રાહુલ સિંઘે જણાવ્યુ હતુ કે, સમાજના વિકાસ માટે ક્રાઉડ ફન્ડીંગની જરૂર પડે છે. ક્રાઉડ ફન્ડીંગ માટે સોશિયલ ચેન્જ અને સોશિયલ અવેરનેસ લાવવી જરૂરી છે. ફિલ્મમાં અમે ઘટનાઓને એવી રીતે લોકો સમક્ષ મુકીએ છીએ કે જેમાં લોકોને મનોરંજન તો મળે જ પણ સાથે સાથે એક સંદેશ પણ મળે. સમાજ કલ્યાણ માટે બનતી ફિલ્મોની પોઝીટીવ અસર સમાજ ઉપર પડે છે. ૧૦૦ લોકો એક પ્લેટફોર્મ ઉપર એકત્રિત થાય અને ફિલ્મ માટે ફન્ડીંગ કરે એ આ ફિલ્મ ક્રાઉડ ફન્ડીંગનો કોન્સેપ્ટ છે. ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા માટે પણ એવા લોકોએ

ઉતરવું જોઇએ કે જેઓને ફિલ્મો માટે પેશન હોય. ફિલ્મ ક્રાઉડ ફન્ડીગમાં એક વિચારધારાવાળા લોકો જોડાય તો સારુ હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ફિલ્મ બનાવવા માટે સૌથી પહેલા તો રૂપિયાની જરૂર પડતી હોય છે. ફિલ્મની સ્ક્રીપ્ટ સારી હોય અને ફિલ્મ સારી બની જાય તો તે દર્શકોને પણ પ્રભાવિત કરે છે. ફિલ્મ સફળ થાય તો રોકાણકારોને પણ સારુ વળતર મળી રહે છે. અત્યારના સમયમાં સામાન્યપણે રૂપિયા ચારથી પાંચ કરોડમાં ફિલ્મ બનતી હોય છે અને તેના પ્રમોશન પાછળનો ખર્ચ ઉમેરીએ તો છથી સાડા છ કરોડમાં એક ફિલ્મ પડે છે.

શ્રી રાહુલ સિંઘે વધુમાં કહયુ કે, જુદા–જુદા રાજયોમાં ફિલ્મોની સફળતા બદલાતી રહે છે. કદાચ કોઇ રાજયમાં સ્થાનિક પ્રાદેશિક ભાષામાં માર્કેટ નાનુ હોય પણ ઇન્ટરનેટ ઉપર માર્કેટ મોટુ છે. હિન્દી ભાષામાં બનતી ફિલ્મો અન્ય પ્રાદેશિક ભાષામાં ડબ કરીને પણ સફળ થતી હોય છે. એવી જ રીતે દક્ષિણ ભારતની મોટાભાગની ફિલ્મોને હિન્દીમાં ડબ કરીને દર્શકોને સારુ મનોરંજન પુરુ પાડવામાં આવી રહયુ છે. જે ફિલ્મો સ્ક્રીપ્ટ લેવલ અને પ્રોડયુસીગ લેવલ પર મેચ્યોર નહી હોય એવી ફિલ્મો સફળ થતી નથી.

અભિનેતા શ્રી રાહુલે લોકો સાથે લાંબા સમય સુધી સંવાદ પણ કર્યો હતો. જેમાં તેમણે લોકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનમાં સુશ્રી ગીતા મોદીએ પ્રાસંગિક વિધી કરી હતી. સેશનના અંતે ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.